


# ગુજરાતમિત્ર


તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા






માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ અષાઢ સુદ નોમ ગુરુવાર ૨૩ જુલાઇ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૩૧

પાનાં ૧૨+૪ કિંમત ₹ ૫.૦૦


## આજે દક્ષિણ ગુજરાતમાં, આવતીકાલે પંચમહાલ-દાહોદમાં રેડ એલર્ટ

# દક્ષિણ ગુજરાત જળબંબાકાર, કપરાડામાં 17 ઈંચ

**વલસાડ જિલ્લામાં આવેલા વિસ્તારોમાં ધમાકેદાર વરસાદથી સ્થિતિ કપરી, ઉમરગામમાં 16.50 ઈંચથી વધુ, આગામી ત્રણ દિવસ ભારે વરસાદનું રેડ એલર્ટ**

**કોલક, પાર અને દમણગંગામાં પૂરથી કોઝવે ડૂબતાં 40 ગામો મુશ્કેલીમાં, દ.ગુ.માં 600થી વધુ રસ્તા બંધ, 630થી વધુ લોકોનું સલામત સ્થળે સ્થળાંતર**

**ગાંધીનગર/વલસાડ-નવસારી** : દક્ષિણ ગુજરાતમાં મેઘરાજાએ સતત બીજા દિવસે પણ તોફાની બેટિંગ કરતાં રાજ્યમાં ચોમાસું ફરી સક્રિય થવા સાથે દક્ષિણ ગુજરાતમાં જળબંબાકારની સ્થિતિ પેદા થવા પામી છે. આજે બુધવારે સાંજે 6 વાગ્યા સુધી રાજ્યના સરેરાશ 129 તાલુકાઓમાં વરસાદ નોંધાયો હતો, જેમાં વલસાડ જિલ્લાના કપરાડામાં આભ ફાટવા સાથે સૌથી વધુ 17 ઈંચથી વધુ વરસાદ ખાબક્યો હતો, તે પછી ઉમરગામમાં 16.50 ઈંચ અને વલસાડમાં 16 ઈંચ વરસાદ વરસ્યો હતો. કપરાડા તાલુકામાં ભારે વરસાદના પગલે પારનદી, કોલક, દમણગંગા સહિતની નદીઓમાં પૂર આવતા કોઝવે, નાના બ્રિજ ડૂબી જતાં 40થી વધુ ગામ મુશ્કેલીમાં મુકાયા હતા. બીજી તરફ છેલ્લા 24 કલાકમાં રાજ્યના સરેરાશ 173 તાલુકાઓમાં વરસાદ નોંધાયો હતો. જેમાં નાનાપોંઢામાં 13.03 ઈંચ, ચીખલીમાં 12 ઈંચ, પારડીમાં 9.37 ઈંચ, વાંસદામાં 9.25 ઈંચ, ખેરગામમાં 7.91 ઈંચ, વાપીમાં 7.28 ઈંચ, વઘઈમાં 7.20 ઈંચ, ધરમપુરમાં 6.77 ઈંચ, બારડોલીમાં 5.39 ઈંચ, આહવામાં 5.04 ઈંચ વરસાદ પડ્યો છે. દક્ષિણ ગુજરાતના અનેક વિસ્તારોમાં અતિભારે વરસાદને કારણે નદીઓમાં નવા નીરની આવક વધી છે, નીચાણવાળા વિસ્તારો જળબંબાકાર બન્યા છે અને વહીવટી તંત્રને એલર્ટ મોડ પર મૂકી દેવામાં આવ્યું છે. અતિભારે વરસાદના કારણે નદીઓ બે કાંઠે વહેવા લાગી છે અને નીચાણવાળા વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ ગયા છે. આ ભયાનક પરિસ્થિતિ

...અનુસંધાન પાના 11 પર




**ધરમપુરની નદીમાં કાર તણાઈ, ચાલકનો બચાવ, અંભેટી-વાપી રોડ પર પાણીના વહેણમાં લક્ઝરી ફસાઈ, 16નું રેસ્ક્યુ**

ધરમપુરના બોપી ગામે માન નદીમાં ભારે પૂર હોય બ્રિજ ઉપરથી પાણી ફરી જતાં ધસમસતા પ્રવાહમાં સુરતનો કારચાલક ફસાયો હતો. કારમાંથી બહાર નીકળી જતાં તેનો બચાવ થયો હતો. મધુબન ડેમમાંથી 1 લાખ ક્યૂસેક પાણી છોડાતા સંઘપ્રદેશ દમણમાં દમણગંગા નદી અને કોલક નદી બે કાંઠે ભારે ઉફાન સાથે વહેતા જોવા મળી હતી. અંભેટી વાપી રોડ ઉપર પાણીના તેજ વહેણમાં નાસિકની ખાનગી લક્ઝરી બસ અટકી જતાં મુસાફરોની સુરક્ષા જોખમાઈ હતી. તંત્ર દ્વારા 16 મુસાફરનું રેસ્ક્યુ કરાયું હતું. પોલીસ ખભા ઉપર મુસાફરોને ઊંચકી બહાર સુધી લાવી હતી.

### તાપી જિલ્લામાં ડૂબી જતાં બેનાં મોત, બિલીમોરામાં મહિલા નદીમા ગરકાવ

સુરત : તાપી જિલ્લામાં સતત ચાર દિવસ મેઘરાજાએ દબદબાટી બોલાવતા અંબિકા, પૂર્ણા, વ્યારાની મીંઢોળા, ઝાંખરી સહિતની નદીઓ બે કાંઠે વહેતી થઈ હતી. તાપી જિલ્લાના ડોલવણના ધામણદેવીમાં 59 વર્ષીય સુમનભાઈ ભીલનું ચેકડેમમાં તણાઈ જતાં મોત નીપજ્યું હતું. તો વ્યારાના બેડકૂવાદૂરમાં રહેતા 58 વર્ષીય જીવણભાઈ ચૌધરીનો તા.21-7-2026ના રોજ ખેતરમાં ડૂબેલી હાલતમાં ડિકંપોઝ હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. બીલીમોરા નજીક આવેલા તલોધ ગામે 61 વર્ષીય મીનાબેન પ્રભાતભાઈ પટેલ ગરનાળાના પૂરના પાણીમાં ખેંચાઈને અંબિકા નદીમાં ગરકાવ થયા હતા.

### દક્ષિણ ગુજરાતનો 24 કલાકનો વરસાદ

| તાલુકો | વરસાદ (ઈંચમાં) |
|---|---|
| કપરાડા | 17.80 |
| પારડી | 16.73 |
| ઉમરગામ | 16.50 |
| વલસાડ | 16.30 |
| ખેરગામ | 13.29 |
| નાનાપોંઢા | 13.03 |
| ચીખલી | 12 |
| ધરમપુર | 10.04 |
| વાપી | 10.91 |




### RSS દ્વારા ભાજપના મુખ્યમંત્રીઓનું આંતરિક મૂલ્યાંકન

સામાન્ય રીતે, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) પાસે મુખ્યમંત્રીઓ કે મંત્રીઓની કામગીરીનું મૂલ્યાંકન કરવા માટે કોઈ જાહેર કે સત્તાવાર તંત્ર નથી. જોકે, વિશ્વસનીય સૂત્રોના જણાવ્યા અનુસાર, આરએસએસ હાલમાં ભાજપ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓની કામગીરીને ખૂબ જ ગંભીરતાથી લઈ રહ્યું છે. આનું એક કારણ એ પણ હોઈ શકે કે ગત કેટલીક ચૂંટણીઓમાં રાજ્યોમાં ભગવો ધ્વજ લહેરાવતો રાખવા માટે તેને પૂરેપૂરું જોર લગાવવું પડ્યું હતું. સંઘે આ મુખ્યમંત્રીઓની કામગીરી આંકવા માટે કેટલાક માપદંડો નક્કી કર્યા હતા. જેમાં તેમના કાર્યોની સમીક્ષા, સંગઠન સાથે તાલમેલ, વ્યક્તિગત છબીની ચિંતા, કામગીરીમાં પ્રામાણિકતા અને પારદર્શિતા, પોતાની જ્ઞાતિ/સમુદાયમાં પ્રભાવ, રાજ્ય માટે તેમનું વિઝન કે ભવિષ્યનો રોડમેપ, અમલદારશાહી સાથે તાલમેલ અને જનતા સાથે સીધો સંવાદ વગેરે બાબતોનો

...અનુસંધાન પાના 11 પર

## જેનરિક દવા પર ભારે ટેરિફ લાદવાની ટ્રમ્પની જાહેરાત

**બે વર્ષ** ટેરિફ શૂન્ય રખાશે, ઓગસ્ટ 2028થી ટેરિફ 100 ટકા ત્યારબાદ 200 ટકા સુધી વધશે

**ભારતની** દવા નિકાસ પર મોટી અસર પડવાની ભીતિ, નિષ્ણાતોની અમેરિકામાં દવાઓ મોંઘી થવાની ચેતવણી

**વોશિંગ્ન, તા. 22 (PTI):** અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે બુધવારે દેશમાં ફાર્માસ્યુટિકલ ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે એક નવી ટેરિફ નીતિની જાહેરાત કરી છે. આ યોજના મુજબ, આયાતી જેનરિક દવાઓ પર આગામી બે વર્ષ સુધી શૂન્ય ટકા ટેરિફ રાખવામાં આવશે, પરંતુ ત્યારબાદ ઓગસ્ટ 2028માં તેને વધારીને 100 ટકા અને પછીના વર્ષથી 200 ટકા સુધી કરી દેવામાં આવશે. અમેરિકાના આ નિર્ણયથી ભારત પર ખૂબ જ મોટો આર્થિક પ્રભાવ પડી શકે છે, કારણ કે ભારત અમેરિકાને જેનરિક દવાનો પુરવઠો પૂરો પાડતો સૌથી મોટો નિકાસકાર દેશ છે. ટ્રમ્પે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશિયલ પર સ્પષ્ટ કર્યું હતું કે 1 ઓગસ્ટ, 2026થી જેનરિક દવાઓ પર શૂન્ય ટકા ટેરિફ લાગુ થશે. તેમણે જણાવ્યું કે આ નીતિનો મુખ્ય ઉદ્દેશ્ય જેનરિક દવાઓનું ઉત્પાદન અમેરિકામાં પરત લાવવાનો છે અને નિર્ધારિત સમયમર્યાદામાં દેશમાં પ્લાન્ટ કે સાધનો ન સ્થાપનારી ફાર્મા કંપનીઓ પર દંડ લાદવાનો છે. તેમણે ઉમેર્યું કે

...અનુસંધાન પાના 11 પર

## જંતર મંતર પર ફરી હિંસા : બે ACP સહિત પાંચ પોલીસ કર્મચારી ઘાયલ

**પોલીસે** પરિસ્થિતિ કાબૂમાં લેવા ટિયર ગેસ છોડ્યા

**ટોલ્સ્ટોય** માર્ગ પર ઉગ્ર બનેલી ભીડે પોલીસ પર પથ્થર અને બોટલો ફેંકી

**પોલીસે** આયોજકો મારફતે શાંતિની અપીલ કરી પરંતુ અસામાજિક તત્વોએ હિંસા ચાલુ રાખી



**પ્રદર્શનકારીઓએ પોલીસ કર્મચારીને લીંચ કરવાનો પ્રયાસ કર્યો**

પોલીસે આક્ષેપ કર્યો છે કે કેટલાક પ્રદર્શનકારીઓ પાસે લાકડીઓ, તલવારો અને અન્ય હથિયારો પણ હતા, તેમજ હિંસક ભીડે એક પોલીસ કર્મચારીને ચારેય તરફથી ઘેરીને લીંચ કરવાનો પણ પ્રયાસ કર્યો હતો.

**નવી દિલ્હી, તા. 22 (PTI):** દેશની રાજધાની દિલ્હીમાં જંતર મંતર નજીક સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ગેરરીતિઓ સામે ચાલી રહેલું કોકરોચ જનતા પાર્ટી (CJP)નું પ્રદર્શન બુધવારે સાંજે ફરી એકવાર હિંસક બન્યું હતું. આંદોલનકારીઓ અને સુરક્ષા દળો વચ્ચે થયેલી કમનસીબ ઝડપમાં બે આસિસ્ટન્ટ કમિશનર ઓફ પોલીસ (ACP) સહિત 5 પોલીસ કર્મચારીઓ ઈજાગ્રસ્ત થયા છે. હિંસક બનેલી ભીડને વિખેરવા માટે રેપિડ એક્શન ફોર્સ (RAF) અને દિલ્હી પોલીસે મર્યાદિત બળપ્રયોગ કર્યો હતો. અધિકારીઓએ જણાવ્યું હતું કે પરિસ્થિતિ કાબૂમાં લેવા માટે ટિયર ગેસના શેલ છોડવામાં આવ્યા હતા. દિલ્હી પોલીસના જણાવ્યા અનુસાર, સાંજે આશરે 4:30 વાગ્યે પંજાબી બાગના એસીપી જયપ્રકાશ ફરજ પર હતા ત્યારે પથ્થરમારો થતાં તેમના કપાળના ભાગે ગંભીર ઈજા

...અનુસંધાન પાના 11 પર

### રામ મંદિર ટ્રસ્ટે CEOની પસંદગી એક મહિના માટે મુલતવી રાખી

**અયોધ્યા, તા. 22 (PTI).** શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટે બુધવારે મુખ્ય કારોબારી અધિકારી (સીઈઓ)ના પદ માટે 5,200 અરજીઓ મળ્યા બાદ પ્રથમ સીઈઓની પસંદગી એક મહિના માટે મુલતવી રાખી છે અને વધતી જતી વહીવટી જરૂરિયાતોને પૂરી કરવા માટે વચગાળાના સચિવની નિમણૂક કરવાનો નિર્ણય લીધો છે.\ આ નિર્ણય અહીં યોજાયેલી બોર્ડ ઓફ ટ્રસ્ટીઝની બેઠકમાં લેવામાં આવ્યો હતો, જ્યાં સભ્યોએ ચાલુ શ્રાવણ મહિના દરમિયાન શ્રદ્ધાળુઓની સંખ્યામાં અપેક્ષિત વધારા માટેની વ્યવસ્થાઓ, ટ્રસ્ટીના ખાલી પડેલા પદો ભરવાની પ્રગતિ અને વિવિધ વહીવટી તથા નાણાકીય મુદ્દાઓની સમીક્ષા પણ કરી હતી. બેઠક બાદ ટ્રસ્ટના વચગાળાના જનરલ સેક્રેટરી

...અનુસંધાન પાના 11 પર

## નીટ પેપર લીક, વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જ મામલે સંસંદના બંને ગૃહમાં હોબાળો

**વિદ્યાર્થીઓ** પર પોલીસ લાઠીચાર્જ સામે કોંગ્રેસ-એસપી સાંસદો કાળા કપડાં પહેરી સંસદમાં આવ્યા

**નીટ** પેપર લીક મુદ્દે ચર્ચા માટે સરકાર તૈયાર, વિપક્ષે પહેલા શિક્ષણ પ્રધાનના રાજીનામાની માગ દોહરાવી

**નવી દિલ્હી, તા. 22 (PTI):** નેશનલ એલિજિબિલિટી કમ એન્ટરન્સ ટેસ્ટ (નીટ) પેપર લીક મામલે વિપક્ષના સતત વિરોધ અને હંગામા વચ્ચે, કેન્દ્ર સરકારે બુધવારે લોકસભામાં વિગતવાર ચર્ચા કરવા માટે પોતાની તૈયારી દર્શાવી છે. સરકારે વિપક્ષને સ્પષ્ટ શબ્દોમાં સંકેત આપ્યો કે રસ્તા પર પ્રદર્શનો કરવાથી કે હંગામો મચાવવાથી કોઈ ઉકેલ કે પરિણામ મળશે

...અનુસંધાન પાના 11 પર

**શિક્ષણમંત્રી રાજીનામું આપે તેવી શક્યતા ઓછી, કેન્દ્ર પીડિત પરિવાર માટે રાહત પગલાં લેવા તૈયાર**

નવી દિલ્હી: NEET મુદ્દા પર વિરોધીઓ અને વિપક્ષો તરફથી રાજીનામાની માંગણીનો સામનો કરી રહેલા કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાન કેબિનેટમાં રહે તેવી શક્યતા છે કારણ કે સરકારના ટોચના અધિકારીઓને ખાતરી છે કે પરીક્ષાના પેપર લીક માટે તેમને દોષી ઠેરવી શકાય નહીં, એમ એક વરિષ્ઠ સરકારી અધિકારીએ જણાવ્યું હતું. વરિષ્ઠ અધિકારીએ ફરીથી પરીક્ષાના સફળ સંચાલનનો ઉલ્લેખ કરીને કહ્યું કે શિક્ષણ મંત્રી દ્વારા રાજીનામું આપવાનો કોઈ પ્રશ્ન જ નથી. તે પ્રશ્ન જ ઉભો થતો નથી. તમે NEET પેપર લીક માટે મંત્રીને દોષી ઠેરવી શકો નહીં કારણ કે તેઓ વ્યક્તિગત રીતે સંડોવાયેલા નહોતા. જોકે, સરકાર NEET પેપર લીક પછી આત્મહત્યા કરનારાઓના પરિવારો માટે વળતરની માંગણી પર અનુકૂળ વિચાર કરવા તૈયાર છે.

## સરકાર જંતર મંતર આવે તો CJP મંત્રણા માટે તૈયાર

**નીટમાં** ગેરરીતિ સામે જંતર મંતર પર CJPના ધરણા યથાવત, હોસ્પિટલમાંથી પણ સોનમ વાંગચુકના ઉપવાસ ચાલુ

**નવી દિલ્હી, તા. 22 (PTI):** સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં થયેલી ગેરરીતિઓ સામે કોકરોચ જનતા પાર્ટી (CJP) દ્વારા શરૂ કરાયેલું આંદોલન બીજા મહિનામાં પ્રવેશવાની સાથે વધુ ઉગ્ર બન્યું છે. બુધવારે પણ જંતર મંતર ખાતે હજારો વિરોધકર્તાઓએ ધરણાદર્શન ચાલુ રાખ્યા હતા. સીજીપીના મુખ્ય પ્રવક્તા સૌરવ દાસે જણાવ્યું હતું કે કેન્દ્રીય મંત્રી જે.પી. નડ્ડાએ તેમને ચર્ચા માટે પોતાના નિવાસસ્થાને આમંત્રણ આપ્યું હતું, પરંતુ સંગઠને મંત્રીના ઘરે જવાનો સ્પષ્ટ ઈનકાર કર્યો છે. સંગઠને માગ કરી છે કે સરકાર વાતચીત કરવા માગતી હોય તો મંત્રીઓએ જંતર મંતર અથવા નજીકની કોઈ તટસ્થ જગ્યાએ આવવું પડશે, કારણ કે જનતાની અદાલત રસ્તા પર છે.

સીજીપીએ સ્પષ્ટ કર્યું છે કે તે અર્થહીન ચર્ચાઓમાં સમય બગાડવા માગતી નથી અને સરકારની દાનત માગણીઓ સ્વીકારવાની હોવી જોઈએ. આંદોલનકારીઓની મુખ્ય માગણીઓમાં કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું, નીટ

...અનુસંધાન પાના 11 પર

### તા. ૨૨-૦૭-૨૦૨૬નું સુરત શહેરનું હવામાન

| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો | મોસમનો |
|---|---|---|
| | ૭૯.૦૦ મીમી | ૧૧૧૦ મીમી |

| ઉકાઇ | સપાટી આજની | આઉટફ્લો |
|---|---|---|
| | ૩૧૩.૪૩ ફૂટ | ૮૦૦ ક્યુસેક |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| | ૨૭.૦૦ સે. | ૨૫.૫૦ સે. | ૯૮% |


